## જન્મદિને વધામણી



એન એસ જાદવ
નિવૃત્ત ડેપ્યુટી મ્યુનિ કમિશનર



પ્રવિણાબા પ્રવિણસિંહ વાઘેલા
નાયબ સેક્શન અધિકારી
મો. ૯૯૯૮૫ ૨૭૬૯૫

# ઈન્ફોસિટી સ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

આગામી માર્ચ, ૨૦૧૬માં લેવાનારી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં એક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. આગામી પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી, વધુ ગુણ પ્રાપ્ત કરવા કેવું આયોજન કરવું, બોર્ડની પરીક્ષાના પેપર કેવી રીતે લખવા વગેરે વિષયો ઉપર વિશદ્ ચર્ચા કરી વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ માટે પેપર સેટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧૦ પછી ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહમાં એ અને બી ગૃપ વિશે માહિતી આપવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓ ધોરણ-૧૧માં જોડાતા પહેલાં મૂંઝવણ ન અનુભવે. આ ઉપરાંત ધોરણ-૧૧ની સેમેસ્ટર પ્રથા, વિવિધ વિષયો વિષે માહિતી અપાઈ હતી. ધોરણ-૧૦ની વાર્ષિક પીરક્ષાની તૈયારી રૂપે એક મોક ટેસ્ટનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે દ્વારા વિદ્યાર્થીઓને વધુ પ્રેક્ટિસ મળે, પેપર લખતી વખતે આત્મવિશ્વાસ વધે અને પરીક્ષાનો હાઉ ન નડે એ માટે પ્રોત્સાહક સૂચનો અને માર્ગદર્શન અપાયું હતું.

આચાર્ય ડૉ. પ્રદીપ ગગલામીએ યોજેલ ઉપરોક્ત સેમિનારનું સુંદર સંચાલન શિક્ષક તુષારભાઈ પરમારે કર્યું હતું. હૃદયસ્પર્શી પ્રવચન દ્વારા તલસ્પર્શી માહિતી આપવામાં સંસ્થાના શિક્ષકે ખૂબ મહેનત કરી હતી.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નાતાલનો કાર્યક્રમ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે નાતાલની ઉજવણી ગ્રીન સિટી બાઈબલ ચર્ચ, સરગાસણના પાદરી પાસ્ટર સામ જોસુઆના આશીર્વાદ સાથે કરવામાં આવી હતી, જે કારણે સ્કૂલને સ્વયં ઈશ્વરના આશીર્વાદ પ્રાપ્ત થયા હોય તેવી અનુભૂતિ થઈ હતી. શાળાના વિદ્યાર્થીઓએ આબેહૂબ ચર્ચનો અહેસાસ થાય તેવું વાતાવરણ સર્જી, પ્રાર્થના, બ્લેસીંગ સોંગ અને ડાન્સથી વાતાવરણને ભાવમય બનાવી દીધું હતું. ફાધરે તેમના આશીર્વાદમાં દરેક પ્રકારની રક્ષા, સુરક્ષા, તંદુરસ્તી, શિક્ષણ, મુસાફરીની સફળતાઓના આશીર્વાદ સમર્પિત કર્યા હતા. પ્રેમ અને ક્ષમાનું અમૃત અર્પતા ઈસુને સૌએ ભાવપૂર્વક સ્મર્યા અને પ્રાર્થ્યા હતા અને પ્રગતિના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. નાના ભૂલકાઓ અને સાન્તાક્લોઝ દરેકના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. નાતાલનો તહેવાર સ્નેહ, સદભાવ, ક્ષમાભાવ સાથે જીવન જીવવાના સંદેશને યાદ કરીને સૌએ ઉજવ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
દિલવાલે
૧૨.૧૫, ૩.૧૫,
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર વૉર્સ
૧૨.૦૦, ૨.૩૦,
૫.૦૦,
૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૦.૦૦
છેલ્લો દિવસ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દિલવાલે
૧૨.૧૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦

## આંજણા (ચૌધરી) સમાજના સ્નેહમિલન સમારંભનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ખાતે આગામી તા. ૨૭ ડીસેમ્બર ૨૦૧૫ (રવિવાર)ના રોજ શહેરી ગૃહ નિર્માણ (સ્વતંત્ર હવાલો), આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજ પરિવારનો સ્નેહમિલન, તેજસ્વી વિદ્યાર્થી અને વર્ગ-૧ના અધિકારીઓનો ખાસ સન્માન સમારોહ યોજાશે. પરંપરા પાર્ટી પ્લોટ, રાંધેજા રોડ ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજાનાર સ્નેહ મિલન કાર્યક્રમમાં સમાજના ધારાસભ્યો તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માનિત કરશે તેમ પ્રમુખ કાન્તિભાઈ ચૌધરીની યાદીમાં જણાવાયું છે.

## ‘સાંતા ક્લોઝ’ની આબેહૂબ પ્રતિકૃતિ હરિન ભટ્ટે બનાવી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટ દ્વારા નાતાલ પર્વ નિમિત્તે કલે-સોફ્ટ સ્કલ્પચર મેકિંગ આર્ટ દ્વારા સાંતા ક્લૉઝની સુંદર પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. સાંતા ક્લોઝ નાતાલના પર્વનું સૌથી લોકપ્રિય પાત્ર છે. જે દરેક ચહેરા પર ખુશી અને સ્મિત લહેરાવવાનું ઉમદા કાર્ય કરે છે. સાંતા ક્લૉઝ તેના સફેદ વાળ અને લાંબી સફેદ દાઢી સાથે લાલ રંગના ગાઉનમાં વિવિધ રમકડાં, ચોકલેટ્સ અને અવનવી ભેટ ભરેલો કોથળો લઈને ‘રેન્ડિયર દ્વારા’ ખેંચાતી સ્લેજ ગાડીમાં આવે છે અને દરેકને કંઈક આપે છે. અબાલવૃદ્ધ સૌ કોઈમાં પ્રિય એવા સાંતા ક્લોઝ બાળકોના સૌથી વધુ પ્યારા છે.

ગાંધીનગરના સ્કલ્ચર આર્ટિસ્ટ હરિન ભટ્ટ દ્વારા, કાગળને માવો, માટી અને ફેબ્રિકના ઉપયોગથી સાંતા ક્લોઝની આબેહુબ પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. આ પ્રતિકૃતિ શહેરના એક બેંક મેનેજરની એનઆરઆઈ ભત્રીજીને ભેટ આપવા માટે ખાસ બનાવવામાં આવી હતી.



ઈન્ફોસિટી ગાંધીનગર ખાતે બે દિવસીય વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન ગુરુવારથી કરવામાં આવ્યું છે. ઈન્ફોસિટી રેસીડેન્સીના રહેવાસીઓ દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં શહેરની ૯ ટીમો ભાગ લઈ રહી છે. વિજેતા ટીમ અને રનર્સ અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવશે તેમજ સર્વશ્રેષ્ઠ ખેલાડીને ચંદ્રક આપવામાં આવશે. શિયાળામાં શારીરિક તંદુરસ્તી પરત્વે સભાનતા આવે અને રજાના સમયમાં સમયનો સદુપયોગ થાય તે હેતુથી આ વૉલીબૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.





માસ્ટર્સ એથ્લેટીક્સ એસોસિએશન દ્વારા સોમવારે સાંજે જીમખાના, સૅક્ટર-૨૧ ખાતે ખેલાડીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં દ્વારકા ખાતે તાજેતરમાં માસ્ટર્સ એથ્લેટિક્સમાં ચંદ્રકો મેળવનાર ખેલાડીઓ તેમજ બાસ્કેટ બોલમાં વિજેતા ખેલાડીઓને ચંદ્રક અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સર્વ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સૌ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. નગરના ખેલપ્રેમીઓ આ પ્રસંગે જીમખાના ખાતે મોટી સંખ્યામાં ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## નેશનલ સ્કેટીંગમાં વ્રિન્દા પટેલનો ગોલ્ડ મેડલ



ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં બેલગામ (કર્ણાટક) ખાતે યોજાયલ સ્કેટીંગની ૬૧મી નેશનલ સ્કુલ ગેમ ૨૦૧૫-૧૬માં ગુજરાત રાજય તરફથી વ્રિન્દા પટેલે નેતૃત્વ કરેલ. જેમાં વિવિધ રાજયમાંથી ૧૦૦૦થી પણ વધુ સ્કેટરોએ ભાગ લીધેલ, જેમાં વ્રિન્દા પટેલે અંડર-૧૭ના ગ્રૃપમાં રીંક રેસ-૧ (૩૦૦મી.) ટાઈમ ટ્રાયલની રેસમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાત રાજયનું તથા ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વ્રિન્દા પટેલ એશિયા ઈંગ્લીશ મિડિયમ સ્કૂલમાં અભ્યાસ કરે છે અને એકલવ્ય સ્પોર્ટસ એકેડેમી ખાતે કોચ તુષાર અગારા પાસેથી કોચીંગ મેળવે છે.

# અનુભવ કરો અને જુઓ, ઈસુપ્રભુ છે



**પ્રસંગસર**
હસમુખ મેકવાન

આજે નાતાલ-ક્રિસમસ, પ્રભુ ઈસુના જન્મજયંતિનું પર્વ. ક્રિસમસના આગમન દિવસોમાં ચર્ચમાં પ્રાર્થના સભાઓ થાય. જીવન માટે ચિંતન, મનન થાય અને માનવીના શુષ્ક જીવનમાં ફરીથી આનંદ અને ઉલ્લાસ છવાઈ જાય.

નાતાલની ઉજવણીના પૂર્વ એક ચર્ચમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આખું પ્રાર્થના ગૃહ પ્રભુ ભક્તોથી ભરાઈ ગયું હતું. પ્રાર્થના સભા શરૂ થાય તે પહેલાં જ એક નાસ્તિક માણસે ઊભા થઈ પુિલવીટ આગળ આવી સૌને પડકાર ફેંકતાં કહ્યું: ‘ઈસુ ખ્રિસ્ત અને ખ્રિસ્તી ધર્મ બનાવટી છે, તેમાં કોઈ સચ્ચાઈ નથી. ઈસુ પ્રભુ નથી. મારા આ પડકારને સાબિત કરવા માગતા હોય તે આગળ આવી અને સાબિત કરી બતાવે.’ પ્રાર્થના ગૃહમાં શાંતિ છવાઈ ગઈ. બધા સ્તબ્ધ થઈ ગયા. એવામાં ત્યાં બેઠેલો એક ખ્રિસ્તી યુવાન પુલપીટ આગળ આવ્યો. તેના હાથમાં નારંગી હતી. તેણે પોતાના હાથથી નારંગી છોલી અને ખાવા લાગ્યો. આમ કરતાં કરતાં તે આખી નારંગી ખાઈ ગયો. પછી તેણે પેલા નાસ્તિક માણસને સવાલ પૂછ્યો, ‘સાહેબ, આ નારંગીનો સ્વાદ કેવો હતો?’ નાસ્તિકે કહ્યું, ‘મને શી રીતે ખબર પડે ? મેં તો નારંગી ચાખી નથી પછી હું કેવી રીતે કહી શકું કે તેનો સ્વાદ કેવો હતો ?’

ત્યારે પેલા ખ્રિસ્તી યુવાને તેને કહ્યું, ‘સાહેબ, તમારી વાત તદન સાચી છે. ઈસુ ખ્રિસ્ત વિશે પણ એવું જ છે. તમે કદી ઈસુને ચાખ્યા નથી. કદી ખાતરી કરી નથી. અનુભવ કર્યો નથી તેથી તમે કેવી રીતે જાણી શકો કે ઈસુ કોણ છે ? દલિલ કરવાનો અર્થ નથી, અહીં તો અનુભવ કરવાનો સવાલ છે.’

હા, અનુભવ કરો અને જુઓ, પ્રભુ ઈસુ છે.

ઈસુ કોણ છે ? એ વિશે પવિત્ર શાસ્ત્ર બાઈબલ જણાવે છે કે,

પ્રારંભમાં એ શબ્દ હતો જ. શબ્દ ઈશ્વર સાથે જ હતો. શબ્દ ઈશ્વર હતો. (યોહાન : અધ્યાય-૧, કડી-૧)

‘શબ્દ માનવ થઈને અવતર્યો અને તેણે આપણી વચ્ચે વાસ કર્યો અને આપણે એના મહિમાના-પિતાના એક માત્ર પુત્રને ઘટે એવા મહિમાના દર્શન કર્યા. કૃપા અને શબ્દથી એ સભર હતો.’ (યોહાન : અધ્યાય-૧, કડી-૧૪)

‘ઈશ્વરને કોઈએ કદી જોયો નથી પણ ઈશ્વરનો એક પુત્ર જે પરમ પિતાના નીકટમાં નીકટ છે તેણે જ ઈશ્વરને પ્રગય કર્યો છે.’ (યોહાન : અધ્યાય-૧, કડી-૧૮)

આમ પવિત્ર બાઈબલ સમજાવે છે કે ઈસુ પોતે જ ઈશ્વરનું રૂપ છે. ઈશ્વરનું સ્વરૂપ છે. ઈશ્વરનું પ્રતિબિંબ છે.

‘ઈશ્વરને જગત ઉપર એટલો બધો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો. જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે છે તે નાશ ન પામે. પણ શાશ્વત જીવન પામે.’ (યોહાન : અધ્યાય-૨, કડી-૧૬)

‘તને એક પુત્ર અવતરશે તેનું નામ તું ઈસુ પાડજે કારણ કે તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ અપાવનાર છે.’ (માથ્થી : અધ્યાય-૧, કડી-૨૧)

આમ ઈસુ મુક્તિદાતા પણ છે, જે સઘળા પાપોમાંથી માફી દ્વારા મુક્ત કરનાર છે.

આમ, ઈસુનું સ્વરૂપ હોવાનું સમજાવતા પવિત્ર બાઈબલ સમજાવે છે - ઈસુ મુક્તિદાતા, શાંતિદાતા, સાચા ગોવાળ, રાજાધિરાજ, દયાસાગર, પ્રેમાવતાર છે. તેઓ અલગ-અલગ સ્વરૂપે માનવ જીવનમાં રહી ઈશ્વરનો હેતુ પાર પાડવા કામ કરાવી રહ્યા છે.

નાતાલના આ પર્વે માનવ-માનવ વચ્ચે પ્રેમના સેતુ દ્વારા આપણા રાજ્યમાં, દેશમાં તેમજ વિશ્વમાં શાંતિ સ્થપાય એ જ બાળઈસુને પ્રાર્થના!

### દાતાઓ અને શિક્ષકોના સહકારથી

## બોરીજ સ્કૂલના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસની મઝા માણી



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર વિસ્તારની બોરીજ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૮ના ૫૧ વિદ્યાર્થીઓએ મહાનુભાવોની આર્થિક સહાયથી તાજેતરમાં દેશના પાટનગર દિલ્હી, આગ્રા, પુષ્કર, જયપુર, ગોકુળ, મથુરા, વૃન્દાવનનાં ઐતિહાસિક સ્થલોનો પ્રવાસ કરી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. રાણાજી ઠાકોર, બોરીજ ભવન, એચ ટી પટેલ, કરણસિંહ રાઠોડ, હરેન્દ્રસિંહજી, કેપિટલ સ્ટેશનર્સ અને બોરીજ પ્રાથમિક શાળા સ્ટાફ પરિવારની આર્થિક સહાય સાથે બાળકોને ફાળે આવતી ઓછામાં ઓછી નજીવી ફીથી પર્યટનનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય સહિત શિક્ષકોએ દાતાઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને બાળકોએ પર્યટનથી જ્ઞાન સાથે આનંદ પ્રાપ્ત કર્યો હતો. શાળાના બીજા પ્રવાસમાં ઈસરો, સાયન્સ સિટી, ભાડજ અને બાળકો માટે મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા કરતી અક્ષયપાત્ર સંસ્થાની મુલાકાત લઈ વૈષ્ણોદેવીનાં દર્શન કરી બાળકોએ એક વિશિષ્ટ અનુભવ કર્યો હતો, જે બદલ પણ શાળા પરિવારે ગ્રામજનો અને દાતાઓનો આભાર માન્યો હતો.